અપીલ અરજી નં.૩૦૦ તા.૨૨–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભુપતભાઈ દિપુભાઈ ગોહિલ
સામાવાળાઃ– ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભુપતભાઈ દિપુભાઈ ગોહિલની તા.૧૧–૧૦–૧૦ ની અરજીથી કતારગામના રે.સ. નં.૧૧૩ ૧–૨–૩ સંતોષીનગર સોસા.માં સુરત મહાનગરપાલિકાની મંજુરી વિના બાંધકામને ધી બીપીએમસી એકટ મુજબ કારણ દર્શક તથા મનાઈ હુકમ આપવામાં આવેલ છે તેની સર્ટીફાઈડ નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૩૦૦/૨૦૧૦–૧૧

શ્રી ભુપતભાઈ દિપુભાઈ ગોહિલની તા.૧૧–૧૦–૧૦ ની અરજીથી કતારગામના રે.સ. નં.૧૧૩ ૧–૨–૩ સંતોષીનગર સોસા.માં સુરત મહાનગરપાલિકાની મંજુરી વિના બાંધકામને ધી બીપીએમસી એકટ મુજબ કારણ દર્શક તથા મનાઈ હુકમ આપવામાં આવેલ છે તેની સર્ટીફાઈડ નકલ આપવા બાબતે કોઈ પ્રતિસાદ કે નિર્ણય ન મળેલ હોવાનું જણાવી નારાજ થઈ દિન–૧૨ ના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૨ તા.૩–૧–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને તેમની અપીલ અરજી લગભગ ૧૨ દિનના વિલંબથી કરેલ છે. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ તે અંગે વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૦–૧–૧૧ ના રોજ પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૧–૧૦–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે તા.૧૫–૧૨–૧૦ થી પણ જાહેર માહિતી અધિકારીને માહિતી કે પ્રતિસાદ નહીં મળ્યા અંગેની રજૂઆત કરેલ. જે અંગે અરજદારે તા.૧–૧–૧૧ ના રોજ મુળ અરજીની નકલ મધ્યસ્થ કચેરી ખાતે આપવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે તા.૨૨–૧૨–૧૦ ના રોજ દિન–૧૨ ના વિલંબથી અપીલ અરજી કરી કોઈ નિર્ણય કે પ્રતિસાદ નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે તા.૧૫–૧૨–૧૦ ના રોજ કરેલી સાદી અરજીથી માહિતી નહીં મળ્યાની રજૂઆતને પણ કોઈ પ્રતિસાદ નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. જે બાબતે અત્રેથી અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી અને અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૨ તા.૩–૧–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડેલાની વિગતો જણાવેલ નથી તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદારને પણ અપીલ અરજીના વિલંબ અંગે વાજબીપણું રજૂ કરવા જણાવવામાં આવેલ તેમ છતાં અરજદાર વિલંબિત અપીલ અંગે વાજબીપણું રજૂ કરવામાં નિષ્ફળ રહેલ છે. તે જોતાં કલમ–૧૯(૧) થી ઠરાવેલ સમય અવધિ ધ્યાને લેતાં પ્રથમદર્શીય રીતે અપીલ ગ્રાહય રાખવા પાત્ર થાય નહીં તેમ છતાં કાયદાના આમુખમાં ચરિતાર્થ કરેલ ઉદ્દેશો સાથે કાયદાની કલમ–૨૫ અન્વયે કાયદાની ભાવના અને હાર્દ ધ્યાને લઈ અરજદારની વિલંબિત અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડયાનું જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી પૂરી પાડેલ જણાતી ન હોઈ અરજદારની વિલંબિત અરજીને ધ્યાને રાખી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ નિયત દસ્તાવેજ ફી વસુલ લઈ અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૧૦ માં માહિતી પૂરી પાડવા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકાર (કતારગામઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ભુપતભાઈ દિપુભાઈ ગોહીલ,